ઇન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ અને સંત સૂરદાસ યોજના બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૭/૫૮૪૫૯૬/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૬.૧૦.૨૦૧૭

વંચાણે લીધાઃ

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૨.૦૯.૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૦/ન.બા.-૪/છ.

(૨) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૧.૦૭.૨૦૦૯નો ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧.

(૩) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૨.૦૯.૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૧/૮૫૭૮૮/છ-૧.

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંકઃ આઇડીબી-૨૦૦૬-એસએફએસ-૨૧૦૨-ખ-૧, તા.૨૩.૦૬.૨૦૦૬.

આ મુ ખઃ

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૩)ના ઠરાવોથી "ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન અને સંત સૂરદાસ યોજના" હેઠળ નીચે જણાવેલ શરતો મુજબ નીચે મુજબની વિકલાંગતા ધરાવતા વિકલાંગોને સહાય ચૂકવવામાં આવે છે.

| અ.ન. | વિકલાંગતાનો પ્રકાર | વિકલાંગતાની ટકાવારી |
|---|---|---|
| ૧ | વિકલાંગ | ૮૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા |
| ૨ | દ્રષ્ટિવિષયક | ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ |
| 3 | મૂક બધિર | ૭૧ થી ૧૦૦ (૭૧ ડેસીબલ કે તેથી વધુ) |
| ૪ | માનસિક પડકારીતા (મંદબુધ્ધિ) | ૩૫-૪૪ બુધ્ધિઆંક |

ઠ રા વ:

ઉપરોકત વિકલાંગોને વિકલાંગતાની ટકાવારીને ધ્યાને લઇ બી.પી.એલ. લાભાર્થીઓને સહાય આ યોજના હેઠળ ચૂકવવામાં આવે છે. આ વિભાગના તા.૩૧.૦૭.૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ અપગ-૧૦૨૦૦૯-૨૧૬-છ૧ થી કેન્દ્ર સરકારની ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન અને સંત સૂરદાસ યોજના સ્વીકારી તા.૦૧.૦૮.૨૦૦૯ થી રાજયમાં અમલમાં મુકવામાં આવેલ છે. આ ઠરાવની શરત (ગ)માં દર્શાવ્યા મુજબ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતની વિકલાંગ વ્યકિતઓને મળશે એટલે કે બી.પી.એલ. લાભાર્થીઓને મળશે, તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે, પરંતુ ૦ થી ૧૬ ના સ્કોરનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૩)ના આ વિભાગના ઠરાવોથી "ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન અને સંત સૂરદાસ યોજના" (IGNDPS) હેઠળ બી.પી.એલ. યાદીમાં નામ સમાવિષ્ટ હોવું જોઇએ પરંતુ ૦ થી ૧૬ ના સ્કોરનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. વધુમાં, ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ રુરલ ડેવલપમેન્ટ, નવી દિલ્હીના તા.૦૮.૧૧.૨૦૧૨ના પત્રમાં ફકત બી.પી.એલ. વ્યકિતઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. બી.પી.એલ. સ્કોરનો કોઇ ઉલ્લેખ કરવામા આવેલ નથી. તેમજ "ઇન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન અને સંત સૂરદાસ યોજના" (IGNDPS) હેઠળ ગુજરાત રાજ્ય માટે કુલ ૩૩,૫૦૦ નો લક્ષ્યાંક નકકી કરવામાં આવેલ છે. જે બી.પી.એલ. લાભાર્થીનો સ્કોર ૦ થી ૧૬ જોતાં લક્ષ્યાંક સિધ્ધ થતો નથી. આથી આ યોજના હેઠળ ફકત અતિ ગરીબ અને ગરીબ બી.પી.એલ. લાભાર્થીઓને લાભ આપવો ઉચિત જણાય છે.

વંચાણે લીધેલ ક્રમ (૪)ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ આઇડીબી-૨૦૦૬-એસએફએસ-૨૧૦૨-ખ-૧, તા.૨૩.૦૬.૨૦૦૬ના ઠરાવની શરત (૬) અને (૭) મુજબ ભારત સરકારની તેમજ રાજય સરકારની યોજનાઓ માટે ૦ થી ૨૦ સ્કોર સુધીના કુટુંબોને લાભાર્થી તરીકે ગણવાના રહેશે. પરંતુ કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓ માટે લાભ આપવાની પ્રક્રિયા સૌથી ગરીબ કુટુંબોથી એટલે કે સૌથી ઓછા ગુણ ધરાવતા કુટુંબોથી શરુ થાય તેવી વ્યવસ્થા તમામ વિભાગોએ કરવાની રહેશે, એમ ઠરાવમાં

આથી "ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન અને સંત સૂરદાસ યોજના" (IGNDPS) હેઠળ લાભ આપવાની પ્રક્રીયામાં બી.પી.એલ. ગુણાંક ૦-૨૦ ના અતિગરીબ અને ગરીબ કુટુમ્બોના લાભાર્થીઓને સહાય મંજૂર કરવાની રહેશે.

આ હુકમનો અમલ હુકમ કર્યા તારીખથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)

અગ્ર સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યકિતઓના કમિશનરશ્રી, બ્લોક ન.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક ન.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માહિતી ખાતુ, ગુજરાત રાજય, બ્લોક ન.૧૯, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ઉચિત પ્રેસનોટ પ્રસિધ્ધ કરવા વિનંતી-સહ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.

- સામાજિક ન્યાય અધિકારિતા વિભાગની સર્વે શાખાઓ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)
- સીલેકટ ફાઇલ.

ન.અપગ/સંત સુર.સ્કોર/૧૭-૧૮/ ૨૦૨૫૯
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગુ.રા.,
બ્લોક ન.૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૭-૧૦-૨૦૧૭.

ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન અને સંત સુરદાસ યોજનામાં બી.પી.એલ. સ્કોર ૦-૨૦ કરવામાં આવેલ છે. જે ઠરાવની નકલ મોકલી આપવામાં આવે છે.

<u>નકલ જાણ તથા જરુરી અમલ કરવા સારુઃ</u>

(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને.
(૨) સર્વે શાખાના વડાઓને - હિસાબી શાખા/ યોજના શાખા/ સી.પી.ડી. શાખા/ વૃધ્ધ પેન્શન/ ડીપી સેલ/ મહેકમ શાખા/ બલભ શાખા.
(3) સંબધિત ફાઇલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુ.રા., ગાંધીનગર.

- સામાજિક ન્યાય અધિકારિતા વિભાગની સર્વે શાખાઓ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)
- સીલેકટ ફાઇલ.

ન.અપગ/સંત સુર.સ્કોર/૧૭-૧૮/ ૨૦૨૫૯
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગુ.રા.,
બ્લોક ન.૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૭-૧૦-૨૦૧૭.

ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન અને સંત સુરદાસ યોજનામાં બી.પી.એલ. સ્કોર ૦-૨૦ કરવામાં આવેલ છે. જે ઠરાવની નકલ મોકલી આપવામાં આવે છે.

<u>નકલ જાણ તથા જરુરી અમલ કરવા સારુ:</u>

(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને.
(૨) સર્વે શાખાના વડાઓને - હિસાબી શાખા/ યોજના શાખા/ સી.પી.ડી. શાખા/ વૃધ્ધ પેન્શન/ ડીપી સેલ/ મહેકમ શાખા/ બલભ શાખા.
(3) સંબધિત ફાઇલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુ.રા., ગાંધીનગર.